ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પાંચ બેઠકના ૧૩ ઉમેદવારોએ હિસાબ રજુ નહીં કરતાં નોટીસ ફટકારાશે

## ૧૨ અપક્ષ ઉમેદવારોએ પણ હિસાબ રજુ ન કર્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકના ૫૦ ઉમેદવારો પૈકી આજે ૧૩ ઉમેદવારો દ્વારા હિસાબ રજુ કરવામાં ના આવતાં તેમને તંત્ર તરફથી નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં જે ૧૩ ઉમેદવારોએ હિસાબ રજુ કર્યા નથી તેમાં ૧૨ અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે જ્યારે એક રાજકીય પક્ષના ઉમેદવારનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે ૫૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા અને તેમને હિસાબો મતદાનના દિવસ પહેલાં ત્રણ વખત આ હિસાબો રજુ કરવાના છે. શુક્રવારે પ્રથમ તબક્કાનો હિસાબ રજુ કરવાનો હતો.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર (ઉ) અને (દ)ની બેઠક પર ત્રણ-ત્રણ અપક્ષ ઉમેદવારો માણસાની બેઠક પર બે અપક્ષ અને એક રાજકીય પક્ષના ઉમેદવાર દ્વારા, કલોલ અને દહેગામમાં બે-બે અપક્ષ ઉમેદવાર દ્વારા હિસાબો રજુ કરવામાં આવ્યા ન હતા.

આજે સવારે ૧૦ વાગ્યાથી ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ગાંધીનગર (ઉ) અને માણસા બેઠકના ઉમેદવારોના હિસાબોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી તો કલેક્ટર કચેરી ખાતે કલોલ, ગાંધીનગર (દ) અને દહેગામ બેઠકના ઉમેદવારોના હિસાબની ચકાસણી હાથ ધરાઈ હતી. સાંજે પાંચ વાગ્યા સુધીની સમય-મર્યાદા આ માટે નિયત કરવામાં આવી હતી.

આજે આખો દિવસ આ ચકાસણીની કામગીરી ચાલી હતી. મળતી વિગતો પ્રમાણે પાંચેય બેઠક પર ઉમેદવારો દ્વારા જે ખર્ચના હિસાબો રજુ કરવામાં આવ્યા છે અને શેડો રજીસ્ટરના આધારે જે ખર્ચ ગણવામાં આવ્યો છે તેમાં કેટલીક બાબતોને બાદ કરતાં લગભગ બધા હિસાબો મળતા આવ્યા હતા. જો કે કેટલાક કિસ્સાઓમાં ઉમેદવારોને પૂર્તતા કરવા માટે પણ નિરીક્ષકોની ટીમ દ્વારા જણાવવામાં આવ્યું છે. વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોને ચૂંટણી ખર્ચની મર્યાદા રૂ. ૪૦ લાખ નિયત કરવામાં આવેલ છે. આજે રજુ થયેલ હિસાબોમાં રાજકીય પક્ષોના ઉમેદવારોનો ખર્ચ અંદાજે ૮ થી ૧૦ લાખની વચ્ચે રહ્યો હોવાનું બિન આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળેલ છે. હવે ઉમેદવારોએ તેમનો બીજો હિસાબ ૨૯મી નવેમ્બરના રોજ રજુ કરવાનો રહેશે.



અવસર લોકશાહીનો.... લોકશાહીની બહાલી માટે મતદાન જરૂરી છે. સત્તા ભલે કોઈ પાર્ટી ભોગવતી હોય પરંતુ તેમને તે સ્થાન સુધી મતદારો જ પહોંચાડે છે. સાચી લોકશાહીના સ્થાપક સામાન્ય મતદારો જ છે. કોને ગાદીએ બેસાડવા અને કોની ગાદી છીનવી લેવી તે જનતા જનાર્દન જ નક્કી કરે છે. લોકશાહીના આ મહાપર્વમાં સામાન્ય મતદારો ઉત્સાહથી જોડાય તે માટે ચૂંટણી આયોગ દ્વારા પ્રચારકાર્યને તેજ બનાવાયુ છે. સ્વર્ણિમ સંકુલ ખાતે અવસર લોકશાહીનો રંગોળી બનાવી મતદારોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરાઈ હતી.

# પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે બ્રેઈલ લીપીમાં મતદાર માર્ગદર્શિકા

## ૯૮૦૦ થી વધુ મતદારો દૃષ્ટિની નબળાઈ ધરાવે છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૯૮૦૦ થી પણ વધુ મતદારો આંખોની નબળાઈ ધરાવે છે તેમજ પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ મતદારો માટે બ્રેઈલ લીપીવાળી મતદાર માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી.સી. ભારથીએ જણાવ્યુ હતુ કે મતદાનના દિવસે ૮૨,૪૩૧ પ્રજ્ઞાચક્ષુ મતદારોને આવશ્યક સુવિધાઓ પુરી પાડી શકાય તે હેતુથી બ્રેઈલ લિપીમાં મતદાર માર્ગદર્શિકા અને મતદાર કાપલીનું વિતરણ કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યુ હતુ કે બીજા તબક્કામાં જ્યાં મતદાન છે તેવા જિલ્લાઓમાં વૉટર ઈન્ફર્મેશન સ્લીપોનું વિતરણ આજથી શરૂ કરવામાં આવ્યુ છે અને તે ૨૯મી નવેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે બીજા તબક્કામાં જ્યાં મતદાન થવાનું છે તે ૧૪ જિલ્લાઓમાં પણ ઈવીએમ અને વીવીપેટના સેકન્ડ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને કમિશનિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# જિલ્લાના ૪ પીએચસી અને પાંચ સબ સેન્ટરોને એનક્યુએસ માટે સજ્જ કરાશે

## દહેગામ તાલુકામાંથી બે જ્યારે ગાંધીનગર, કલોલ અને માણસાના એક-એક સબ સેન્ટરની પસંદગી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૪ પ્રા.આ. કેન્દ્ર અને પાંચ સબ સેન્ટરોને નેશનલ ક્વોલીટી એસસ્યોરન્સ માટે પસંદ કરવામાં આવ્યા છે.

પસંદગી પામેલા આ સેન્ટરોમાં પહેલા ગેપ એનાલીસીસ પર કામગીરી કરવામાં આવશે અને ત્યારબાદ તે અંગેની અરજીઓ કરવામાં આવશે.

આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે દહેગામ તાલુકામાંથી બે જ્યારે ગાંધીનગર, કલોલ અને માણસાના એક-એક સબ સેન્ટરની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત ચારેય તાલુકામાંથી એક-એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પસંદગી કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ગેપ એનાલીસીસ પરની કામગીરી ડિસેમ્બર માસના અંત સુધીમાં પૂર્ણ થાય તેના પર હાલ ફોકસ કરવામાં આવી રહ્યું છે અને આ માટેનો રોડમેપ તૈયાર કરી આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૪ કેન્દ્રોની ગુણવત્તાસભર સેવાઓ માટે પ્રમાણિત કરવામાં આવેલ છે. જેમાં માણસા તાલુકાના પુંધરા, ગાંધીનગર તાલુકાના રૂપાલ અને ઉનાવા તેમજ કલોલના જાસપુર પ્રા.આ. કેન્દ્રને પ્રમાણિત કરવામાં આવેલ છે. જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર સેવાઓ પર ભાર મુકવાનો નિર્ણય અગાઉ મળેલ એક ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓના પ્રમાણપત્ર મેળવનાર કેન્દ્રોની સંખ્યા અન્ય જિલ્લાઓના પ્રમાણમાં ઓછી હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો તેમ પણ સૂત્રોએ સ્વીકાર્યુ હતુ.

# સોશીયલ મીડિયાના માધ્યમથી રાજકીય પક્ષોનો પ્રચાર તેજ

## ત્રણેય રાજકીય પક્ષોએ સોશીયલ મીડિયા દ્વારા પ્રચાર કરવા ખાસ ટીમની રચના કરી છે : ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ દ્વારા ધૂમ પ્રચાર

ગાંધીનગર, તા. ૨૫

ચૂંટણી આવે એટલે રીક્ષામાં માઈક લઈને પ્રચાર કરતી ટીમ દેખાય, બેનર-પોસ્ટર્સ અને જનસભાઓ યોજાય પરંતુ આ વખતે આ બધા જ પરંપરાગત માધ્યમોનો ઉપયોગ સાવ ઓછો થઈ ગયો છે. ઉપર ઉપરથી જોતા એવુ લાગે કે ચૂંટણીનો માહોલ બનતો નથી પરંતુ તમામ મોટી રાજકીય પાર્ટીઓએ આ વખતે પ્રચારની સ્ટ્રેટેજી બદલીને સોશીયલ મીડિયા પર ડીજીટલી પ્રચારનો મારો ચલાવ્યો છે. આઈટી એક્સપર્ટની મસમોટી ટીમ સોશીયલ મીડિયાના વોરરૂમને હેન્ડલ કરી રહી છે.





સોશીયલ મીડિયા વગર આજકાલ કોઈને ચાલે એમ નથી. લગભગ તમામ વયની વ્યક્તિઓ સોશીયલ મીડિયાના વિવિધ માધ્યમોનો ઉપયોગ ભરપૂર રીતે કરે છે. આથી રાજકીય પાર્ટીઓએ આખે આખી ટીમ ઉભી કરી પ્રચાર પાછળ એડીચોટીનું જોર લગાવી દીધુ છે.

ભાજપે કમલમ્ ગાંધીનગર ખાતે સોશીયલ મીડિયા રૂમ તૈયાર કર્યો છે. કોંગ્રેસે સોશીયલ મીડિયાનું સંચાલન અમદાવાદથી કર્યુ છે. તો આપ દ્વારા ખુબ જ ગુપ્ત રીતે પ્રચાર કરવામાં આવે છે. આ પ્રચાર વોરરૂમમાં માત્ર ખાસ એક્સપર્ટની ટીમને જ પ્રવેશ મળે છે. એક નાનકડી ટીમ દ્વારા તૈયાર થયેલા મેસેજ દરરોજ લાખો લોકો સુધી પહોંચાડવામાં આવે છે. ભાજપની સોશીયલ મીડિયા ટીમમા ૧૦ હજાર એક્ટિવ લોકો છે. જ્યારે ૬૦ હજાર જેટલા વોલન્ટીયર્સ ભાજપનો પ્રચાર પ્રસાર કરે છે. દરરોજ ૫૦ લાખ લોકો સુધી સોશીયલ મીડિયાના વિવિધ માધ્યમો વોટ્સએપ, ફેસબુક, ટ્વીટર, યુ-ટ્યૂબ દ્વારા પહોંચવાનું લક્ષ્ય રખાયુ છે. કોંગ્રેસે આ વખતે પ્રચારની રણનીતિ સાવ જ બદલી નાંખી છે. તેઓ ભલે રાજકીય રેલીઓ ઓછી યોજતા હોય પરંતુ સોશીયલ મીડિયામાં ખુબ જ એક્ટીવ છે. દરરોજ ૨૦ લાખ લોકો સુધી કોંગ્રેસ પહોંચી રહી છે. તેમની સોશીયલ મીડિયા ટીમમાં પ્રદેશ, જિલ્લા, શહેર અને તાલુકા દીઠ ટીમ કાર્યરત છે. ગુજરાતના રાજકારણ નવા ખેલાડી એવી આમ આદમી પાર્ટીએ આવતાની સાથે જ ધમાકેદાર પ્રચાર શરૂ કર્યો છે. તેમની ટીમ જમીની પ્રચાર ઉપરાંત સ્પેશીયલ મીડિયામાં પણ ખુબ એક્ટીવલી કાર્યરત છે. દિલ્હીથી તેનું સંચાલન થતુ હોવાનું સંભળાય છે.

# ઈન્દ્રોડા-બોરીજના પૂર્વ નગરસેવકો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા



ગાંધીનગર, તા.૨૫

કોંગ્રેસના પૂર્વ નગરસેવક ઈન્દ્રોડાના હસમુખ જુગાજી ઠાકોર તેમજ કોંગ્રેસના પૂર્વ નગરસેવક બોરીજના રંજનબેન દીનેશજી ખોડ તેમના સમર્થકો સાથે ભાજપમાં જોડાયા હતા. ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર રીટાબેન કેતનકુમાર પટેલના સમર્થનમાં ઈન્દ્રોડા ગામ ખાતે યોજાયેલ રાજ્યસભાના સાંસદ જુગલજી લોખંડવાલાની જાહેરસભામાં અગ્રણી જુગાજી ઠાકોરના પુત્ર અને કોંગ્રેસના બે ટર્મ નગરસેવક રહી ચૂકેલા હસમુખ જુગાજી ઠાકોર તેમજ કોંગ્રેસના પૂર્વ નગરસેવક બોરીજના રંજનબેન દીનેશજી ખોડ તેમના સમર્થકો સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વથી પ્રેરાઈને અને ભાજપાની વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિને સમર્થન દર્શાવી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. મહાનગર ભાજપાના અધ્યક્ષ રુચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ઈન્ચાર્જ મહેન્દ્રસિંહ રાણા, સિનિયર અગ્રણીઓ, સંગઠનના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કરીને તેઓ ભાજપામાં જોડાયા હતા.

## આજે ગાંધીનગર ઉત્તર બેઠકના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલા સાથેનો સીધો સંવાદ

# મોંઘવારી બેરોજગારી અને દુવિધાઓથી ત્રસ્ત પ્રજા કોંગ્રેસનો હાથ પકડશે : વિરેન્દ્રસિંહ વાઘેલા

**પાંચ દાયકાના અંતે પણ સેક્ટરોમાં પુરતુ પાણી આવતુ નથી : માર્ગોની હાલત ખરાબ છે : ગાંધીનગર શિક્ષણનુ હબ બન્યુ પરંતુ બેઇઝ કોર્મશિયલ : ગામડાઓનો શહેરમાં સમાવેશ પરંતુ શહેર સમકક્ષ સુવિધાઓ મળતી નથી : આમ નાગરિકોની મુંઝવણ દુર કરવા કોંગ્રેસ કામ કરશે : કોંગ્રેસ જ્ઞાતિવાદમાં માનતુ નથી દરેક સમાજના ભવન બનાવવા અગાઉ જમીન ફાળવી હતી : ગાંધીનગર ઉત્તરની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલા**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર ઉત્તરની બેઠક પર ત્રિકોણીયો જંગ છે. ભાજપની સામે કોંગ્રેસના યુવા ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલાને મેદાને ઉતાર્યા છે. વિરેન્દ્રસિંહ વાઘેલા જણાંવે છે કે આમ નાગરિકો મોંઘવારી અને બેરોજગારીથી ત્રસ્ત છે. ગૃહીણીઓના ઘરનુ બજેટ ખોરવાઇ ગયુ છે. શિક્ષણ અત્યંત ખર્ચાળ છે. અંગ્રેજી માધ્યમની સરકારી શાળાઓ નથી. બાળકોને ભણાવવા માટે તગડી ફી ભરવાનુ પોષાતુ નથી. પાંચ દાયકાના અંતે પણ શહેરમાં પાણીની પોકાર ઉઠે છે માર્ગો ઉબડ ખાબડ છે. જયારે કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામોમાં માળખાગત સુવિધા પણ મળતી નથી. આ ચુંટણીમાં મતદારોનો સાથ કોંગ્રેસને મળશે. ગાંધીનગર ઉત્તરની બેઠક પરથી ભવ્ય વિજય થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો.

**આપણા ઉમેદવારને ઓળખો..**

ગાંધીનગર ઉત્તરની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે તમારી લાયકાત શુ છે...

શરૂઆતથી જ કોંગ્રેસ સાથે જોડાયેલા વિરેન્દ્રસિંહ વાઘેલાએ કોલેજ કાળમાં વિદ્યાર્થી નેતા તરીકે કામ કર્યુ છે. જી એસ તરીકે વિદ્યાર્થીઓના હીતમાં સતત કાર્યરત રહ્યો હતો. જિલ્લા પંચાયતમાં બાંધકામ સમિતિના ચેરમેન તરીકે બે ટર્મ સુધી કામગીરી કરી છે. જયારે વર્ષ ૨૦૧૦ થી ૧૫ સ્ટેન્ડીંગ કમિટિ તેમજ ઉપપ્રમુખ પણ રહી ચુક્યા છે. ક્ષત્રિય સભાના મહામંત્રી તરીકે પણ તેમણે કામ કર્યુ છે. વર્ષ ૧૯૯૯ માં યુથ કોંગ્રેસમાં જોડાયા મહામંત્રી અને પ્રમુખ તરીકે હોદ્દો લીધો હતો. ત્યારબાદ તેમણે પ્રદેશ કોંગ્રેસમાં મંત્રી અને મહામંત્રી તરીકે પણ જવાબદારી સંભાળી હતી. જયારે વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધી ભાવનગર જિલ્લાના પ્રભારી તરીકે કાર્યરત છે. હાલ ભાવનગર લોકસભાના પણ ઈન્ચાર્જ પણ છે.



તમારી દ્રષ્ટીએ હાલ સેકટરવાસીઓની સમસ્યા શું છે...

ગાંધીનગરના પ્રશ્નો દુર કરવા માટે કામે લાગી જઈશુ. ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યા બાદ પાંચ દાયકાના અંતે પણ સેકટરોમાં તેમજ જી આઇ ડી સીમાં જ પાણીનો પ્રશ્ન છે. સે-૨૮ જી આઇ ડી સીમાં રોજ ટેન્કરથી પાણી મંગાવવુ પડે છે. જયારે સે-૨૬ ગ્રીનસીટી સોસાયટીમાં પણ પાણીની સમસ્યા જટીલ છે. મેયર જયાં રહે છે તે સેકટરમાં જ રોજબરોજ પાણીની પોકાર ઉઠે છે. સ્થાનિકોએ અનેકવાર રજુઆત પણ કરી છે. સેકટરોમાં આંતરિક માર્ગોની દશા પણ ખરાબ છે. શહેરના સેકટરોમાં પાણી અને રસ્તાઓનો પ્રશ્ન મુખ્ય છે. સેકટરોમાં ઉબડ ખાબડ રોડ નેટવર્કથી નાગરિકો પરેશાન છે. સેકટરવાસીઓ આ માટે પણ સતત માર્ગ સુધારણા થાય તેવી માંગ કરી રહ્યા છે. ખાસ કરીને શહેરમાં આ પ્રશ્નો રહીશો માટે વિશેષ મુંઝવણ ઉભી કરી છે.

● અનુસંધાન પાન-૭ પર



કોંગ્રેસની જાહેર સભા : પેથાપુર ખાતે વિધાનસભાના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલાના પ્રચારઅર્થે યોજાયેલી જાહેરસભામાં રાજયસભાના સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ તથા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે સંબોધન કર્યું હતું અને કોંગ્રેસને મત આપવા અપીલ કરી હતી.

# પાંચ વિધાનસભા વિસ્તારોમાં કુલ ૨૬૧ વ્હીલચેરની સુવિધા

## જિલ્લાના કુલ ૧૪૪ દિવ્યાંગ મતદારોને ટ્રાન્સપોર્ટેશન સુવિધા અપાશે : 22 PWD મતદારો માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરશે મૂક-બધિર મતદાતાઓ માટે સાઇન લેન્ગ્વેજના જાણકાર શિક્ષકો મદદરૂપ બનશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગના દિવ્યાંગ મતદારો માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ખાસ વ્હીલચેર અને સહાયકોની સુવિધા ઊભી કરવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લામાં નોંધાયેલા કુલ ૬૨૫૦ દિવ્યાંગ મતદારો માટે કુલ ૧૦૩૬ સહાયકો રાખવામાં આવ્યા છે તેમજ દિવ્યાંગ મતદારોને મતદાન માટે કુલ ૨૬૧ વ્હીલચેરની વ્યવસ્થા પણ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણી ન્યાયિક વાતાવરણમાં યોજાય અને વધુ ને વધુ ને વધુ નાગરિકો આ અવસરમાં ઉત્સાહભેર જોડાય એ માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિથી માંડીને આવશ્યકતા અનુસાર મતદારોની સહાયતા માટેની તમામ તૈયારીઓ સુપેરે કરવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લામાં નોંધાયેલા દિવ્યાંગ મતદારો સરળતાથી પતોના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવિણા ડી.કે. દ્વારા પીડબલ્યૂડી નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે.

આ અંગે પી.ડબલ્યૂ.ડી.ના નોડલ અધિકારી શ્રી એસ.આઈ. દેસાઈના જણાવ્યા અનુસાર ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં કુલ- ૬૨૫૦ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. જેમાં દહેગામમાં ૧૨૩૮, ગાંધીનગર(દ)માં ૧૬૩૩, ગાંધીનગર(ઉ)માં ૧૩૫૩, માણસામાં ૧૫૪૭ અને કલોલમાં 479 PWD મતદારો છે. આ દિવ્યાંગ મતદારો મતદાન મથક પર સરળતાથી પોતાના મતાધિકારીનો ઉપયોગ કરી શકે તે માટે કુલ ૨૬૧ વ્હીલચેરની સુવિધા કરવામાં આવી છે. જ્યારે તેમની સહાયતા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૧૭૩ એમ.પી.એચ.ડબ્લયુ કાર્યકરો તથા ૬૦૧ આશાબહેનો, જ્યારે એનએસએસના ૧૯૫ અને એનસીસીના ૬૭ મળી કુલ- ૧૦૩૬ સહાયકો પોતાની સેવા આપશે. આ મતદારોને તેમની સુવિધાથી જાગૃત્ત કરવા માટે પણ મતદાન જાગૃત્તિના ખાસ કેમ્પનું આયોજન વિધાનસભા મતદાર વિભાગ અનુસાર કરવામાં આવી રહ્યું છે. દિવ્યાંગ મતદારો માટે વિધાનસભા મતદાર વિભાગ અનુસાર વાહન, રેમ્પ અને પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. જિલ્લાના કુલ- ૧૩૫૨ મતદાન મથકોમાંથી ૧૨૯૫ મતદાન મથકો ખાતે કાયમી રેમ્પની સુવિધા છે. જ્યારે બાકી રહેતા મતદાન મથકોમાં કલોલ મતદાર વિભાગમાં ૫૫, ગાંધીનગર(ઉ) મતદાર વિભાગમાં બે મળી કુલ – ૫૭ મતદાન મથકો ખાતે કામચલાઉ રેમ્પની વ્યવસ્થા કરવામાં આવી છે. તેની સાથે દહેગામમાં ૫, ગાંધીનગર(દ)માં ૩૯, ગાંધીનગર(ઉ)માં ૧૭, માણસામાં ૨૦ અને કલોલમાં ૩૩ મળી કુલ- ૧૪૪ દિવ્યાંગ મતદારો દ્વારા ટ્રાન્સપોર્ટેશનની સુવિધાની માંગણી કરવામાં આવી છે. તે પણ સેવા તેમને આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં કુલ- 22 PWD મતદારો માટે પોસ્ટલ બેલેટની વ્યવસ્થા પણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી છે. જેમાં

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગરમાં માઈક્રો શોપિંગની દુકાનો ઉપયોગના અભાવે ખંડેર

## સ્થળ ચકાસણીના અંતે રિપોર્ટ તૈયાર કરાયો પણ સ્થિતિ યથાવત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના શ્રમિકોને રોજગારી પુરી પાડવા માટે સેકટરોમાં મીક્રોશોપિંગની દુકાનો બાંધવામાં આવી હતી પરંતુ હાલમાં પણ આ દુકાનો પૈકી કેટલીક કબજા વગરની અને કંગાળ હાલતમાં છે શહેર વિસ્તારમાં વિવિધ સેકટરમાં બાંધેલી માઈક્રો શોપિંગની ૧૭૨ નાની દુકાનો લાંબા સમયથી ફાળવાયા વગરની પડી રહેવાથી જર્જરિત હાલતમાં આવી ગઈ છે. આ મામલે અનેકવાર રજુઆત કરવામાં આવી છે પરંતુ કોઈ આયોજન થયું નથી

શહેરના સેકટરોમાં નિર્માણ કરાયેલી ૩૫૫ દુકાનોની ફાળવણી બાદ લાભાર્થીઓએ કબ્જો લીધો છે જો કે ૧૭૨ દુકાનો હજુ પણ કબજા વિહોણી છે . અગાઉ આ મામલે કકળાટ ઉઠતા તંત્ર હરકતમાં આવ્યું હતું જયારે સ્થળ ચકાસણી કરવાની સાથે લાભાર્થીની સ્થિતિ સહિતનો રિપોર્ટ માગવામાં આવ્યો હતો. પરંતુ વિભાગે તેવી તસદિ નહીં લેતા બાકી રહેલી દુકાનોની ફાળવણી રદ કરીને આ દુકાનો અન્ય લાભાર્થીઓને ફાળવવા માટે ડ્રો કરવા સહિતની પ્રક્રિયા થઈ શકતી નથી. પાટનગર યોજના વિભાગ પાસે આવી માહિતી જિલ્લા તંત્ર દ્વારા માગવામાં આવી તેને બે વર્ષ પસાર થઈ જવા આવ્યા છે. બીજી બાજુ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com